For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

» સાવલી પખ્યાત ભીમનાથ મહાદેવ મંદિર સહિત વાઘોડિયા તથા છાણી વિસ્તારમાં બે માતાજીના મંદિરોને મોડી રાત્રીના સમયે તસ્કરો ટાર્ગેટ બનાવ્યાં

» તસ્કરોને ભગવાન અને માતાજીનો પણ ડર રહ્યો નથી, માતાની પ્રતિમા પરથી વિવિધ આભૂષણો અને છત્તર સહિતની લાખોની માલમતાની ચોરી કરી ફરાર થઇ ગયા

# પોલીસ પેટ્રોલિંગ ફેલ : વડોદરા શહેર-જિલ્લાના 3 મંદિરોમાં તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરમાં તસ્કરો હવે ભગવાન અને માતાજીનો ડર રહ્યો નથી અને બિન્દાસ્ત રીતે મંદિરને નિશાન બનાવ્યાં બાદ માતાજી તથા ભગવાનની પ્રતિમા પર ચઢાવવામાં આવેલા આભૂષણોની પણ ચોરી કરી લઇ જવામા સહેજ પણ ગભરાતા નથી. ત્યારે વડોદરા શહેર અને જિલ્લામાં વાઘોડિયા જીઆઇડીસીમાં આવેલી અંબે માતાના મંદિર સહિ સાવલીના પ્રખ્યાત ભીમનાથ મંદિર તેમજ છાણી વિસ્તારમાં આવેલા મહાકાળી માતાજીના મંદિરમાં તસ્કરો ત્રાટક્યાં હતા અને માતાજીના આભૂષણો, છત્તર, પાદૂકા સહિત લાખોની માલમતાની ચોરી કરી રફુચક્કર થઇ ગયાં હતા. જોકે સ્થાનિક પોલીસ દ્વારા સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ પોલીસ દ્વારા નાઇટ પેટ્રોલિંગના બણગા ફુકવામાં આવે છે, ત્યારે તસ્કરો મોડી રાત્રીના ચોરીની ઘટનાને અંજામ આપીને નાઇટ પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવી રહ્યાં છે.

પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી

## છાણીના મહાકાળી મંદિરમાં માતાજીની પાદુકા, છત્ર અને તલવારની ચોરી



**મંદિરોમાં** ચોરી કરતી ગેંગ સક્રિય થતા લોકોને પોતાના જાન-માલની ચિંતા વ્યાપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા શહેરનાં છાણી વિસ્તારમાં આવેલા મહાકાળી માતાજીનાં મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને માતાજીની પાદુકા અને તલવાર સહિતની મતાની ચોરી કરીને ફરાર થઇ ગયા હતા. ચોરી કરવા આવેલા તશ્કર સીસીટીવી કેમેરામાં કેક થઈ ગયા હતા. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં તસ્કરો દ્વારા મોડી રાત્રિના સમયે ભગવાન અને માતાજીનાં મંદિરોને નિશાન બનાવી દાન પેટી તથા આભૂષણોની ચોરી કરી ફરાર થઈ જતાં હોય છે.

અગાઉ મંદિરોને ટાર્ગેટ કરનાર કાયદાના સંઘર્ષ માં આવેલા એક કિશોરને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો હતો. ત્યારે હવે ફરી મંદિરોમાં ચોરી કરતી ગેંગ સક્રિય થઈ છે. જેમાં આ ગેંગ દ્વારા વધુ એકવાર છાણી વિસ્તારમાં આવેલા મહાકાળી માતાજીના મંદિરને નિશાન બનાવ્યું હતું અને માતા જી ની પાદુકા તથા છતર તેમજ તલવાર ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે મંદીરમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં ચોરી કરવા માટે આવેલા બે તસ્કરો કેદ થઈ ગયા હતા. જેના સીસીટીવી વાયરલ થતા પોલીસે ફૂટેજમાં કંડારાયેલા તસ્કરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

ગર્ભગૃહમાંથી ચાંદીના છત્ર, પાદુકા સહિત લાખોની મતાની ચોરી

## સાવલીના ઐતિહાસિક ભીમનાથ મહાદેવ મંદિરમાં તસ્કરોનો કાળો કેર



બનાવની જાણ કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી પહોંચ્યો અને તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) સાવલી, વડોદરા, તા.27

સાવલી તાલુકાના ઐતિહાસિક અને સુપ્રસિદ્ધ ભીમનાથ મહાદેવ મંદિરને તસ્કરોએ નિશાન બનાવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ મંદિરના ગર્ભગૃહમાં ઘૂસી ભગવાનની ગાદી પર રહેલા ચાંદીના છત્ર, પાદુકા તેમજ અન્ય કિંમતી આભૂષણો સહિત લાખોની મતાની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ, રાત્રિના અંધકારનો લાભ લઈને તસ્કરોએ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. ગર્ભગૃહ અને ભગવાનની ગાદી આસપાસ રાખવામાં આવેલી કિંમતી સામગ્રી પર હાથ સાફ કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સાવલી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મંદિર પરિસરનું નિરીક્ષણ કરી તપાસ શરૂ કરી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય તથ્યોના આધારે તસ્કરો સુધી પહોંચવાના પ્રયાસો હાથ ધર્યા છે.

ઉલ્લેખનીય છે કે હવે તસ્કરોએ ભગવાનના ધામમાં ધામા નાખ્યા હોય તેમ એક પછી એક એમ એક દિવસમાં જ ત્રણ ચોરીના બનાવો બનતાં લોકોને ફફડાટ સાથે પોતાના જાન-માલની ચિંતા વ્યાપી ગઇ છે.

પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી

## વાઘોડિયા GIDCમાં અંબે માતાના મંદિરમાં તસ્કરો ત્રાટક્યા



**મંદિરમાં** CCTV હોવા છતાં ચોરી થતા ગામલોકોમાં અચરજ ફેલાઇ

(પ્રતિનિધિ) વાઘોડિયા, વડોદરા, તા.27

કળિયુગમાં હવે મંદિર પણ સુરક્ષિત ન રહ્યા હોવાની ચિંતાજનક ઘટના વાઘોડિયા GIDC વિસ્તારમાં સામે આવી છે. અજાણ્યા તસ્કરોએ વાઘોડિયા GIDCમાં આવેલા અંબે માતાના મંદિરને નિશાન બનાવી માતાજીના કિંમતી આભૂષણો સહિત રૂ. 6.20 લાખની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. મળતી માહિતી મુજબ, ગત 22 ફેબ્રુઆરી (રવિવાર)ના રોજ કંપનીમાં રજા હોવાથી કોઈ હાજર ન હતું. આ તકનો લાભ લઈ તસ્કરોએ મોડી રાત્રે મંદિરમાં ઘૂસી મંદિરના દરવાજા પરના બે તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તપાસ દરમિયાન ખુલ્યું કે મંદિરમાં સ્થાપિત અંબે માતાની મોટી મૂર્તિ પરથી ચાંદીનું છત્ર, ચાંદીનું ત્રિશુલ, ચાંદીની ચરણ પાદુકા, ચાંદીનો આરતી સ્ટેન્ડ, ચાંદીનો કળશ, ચાંદીનું સિહાસન સાથેની નાની મૂર્તિ, સહિત અંદાજે 6 કિલો ચાંદીના આભૂષણો તેમજ માતાજીના ગળામાં રહેલા બે સોનાના મંગળસૂત્ર (કાળા મણકાવાળા) ચોરી ગયા હોવાનું સામે આવ્યું છે.મંદિરમાં 3 CCTV કેમેરા લગાવેલા છે, પરંતુ કંપનીની લાઈટ બંધ થતાં કેમેરા ઓટોમેટિક બંધ થઈ જતા હોવાનું જાણવા મળ્યું છે વાઘોડિયા રોડ ઉપર વ્રજદર્શન સોસાયટીમાં રહેતા આનંદકુમાર મિથિલેશકિશોર શર્મા (ઉં.વ. 57) દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

13 બેઠકો માટે 48 ઉમેદવારો મેદાનમાં

## બરોડા ડેરી ચૂંટણીમાં રંગોની રાજનીતિ આગામી 2 માર્ચે ખુલેશે મેન્ડેટના પત્તા

ધારાસભ્યો પોતાના માનીતા ઉમેદવારોને જીતાડવા માટે સક્રિય

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા જિલ્લાની સહકારી ક્ષેત્રની કરોડરજ્જુ ગણાતી બરોડા ડેરીની ચૂંટણીનો માહોલ હવે બરાબરનો જામ્યો છે. 13 ડિરેક્ટર પદની બેઠકો માટે રાજકીય ગરમાવો એવો તેજ છે કે ફાગણના વેગીલા વાયરા પહેલા જ ચૂંટણીના રંગો ઉડવા લાગ્યા છે. જોકે, આ રંગો કોના માટે વિજયની ‘ધુળેટી’ લાવશે અને કોની આશાઓ પર પાણી ફેરવી ‘હોળી’ પ્રગટાવશે, તેનું ચિત્ર આગામી 2જી માર્ચે સ્પષ્ટ થશે. રાવપુરા સ્થિત જૂની કલેક્ટર કચેરી ખાતે આજથી ચૂંટણી અધિકારી દ્વારા ભરાયેલા ફોર્મની ઝીણવટભરી ચકાસણી હાથ ધરવામાં આવી છે. કુલ 48 ઉમેદવારોએ ૫૫ જેટલા ફોર્મ ભર્યા છે, જેમાં કેટલાક મહારથીઓએ સુરક્ષાના ભાગરૂપે બે-બે ફોર્મ પણ ભર્યા છે. ચૂંટણીમાં સૌથી મોટો વળાંક 2જી માર્ચના રોજ આવશે. ધારાસભ્યોએ પોતાના માનીતા ઉમેદવારોને જીતાડવા એડીચોટીનું જોર લગાવ્યું છે, જ્યારે જૂના જોગીઓ પોતાની સત્તા ટકાવવા મથી રહ્યા છે. 2જી તારીખે જ્યારે ચિત્ર સ્પષ્ટ થશે, ત્યારે પક્ષ તરફથી સમર્થન મેળવનારા ઉમેદવારો વિજયી સ્મિત સાથે ધુળેટી મનાવશે, જ્યારે ટિકિટ કપાયેલા ઉમેદવારો માટે રાજકીય સંન્યાસ જેવી સ્થિતિ સર્જાશે.

### મેન્ડેટની રમત : કોના નસીબે રંગાશે ગુલાલ?...



બરોડા ડેરીની ચૂંટણીમાં આ વખતે ‘બીજેપી વર્સીસ બીજેપી’ જેવી સ્થિતિ સર્જાઇ છે. ધારાસભ્યો અને વર્તમાન ડિરેક્ટરો વચ્ચેના શીતયુદ્ધમાં પક્ષનો મેન્ડેટ બ્રહ્માસ્ત્ર સાબિત થશે. 2જી માર્ચે ઉમેદવારી ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખે સ્પષ્ટ થશે કે કોણ મેદાનમાં ટકી રહેશે અને કોણે હાર સ્વીકારી ઘરે બેસવું પડશે. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે આ ચૂંટણી વડોદરાના સહકારી માળખામાં મોટા ફેરફારો લાવશે!

## બાજવામાં કંપનીમાંથી 1.13 લાખના કોપર કેબલની ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

જવાહરનગર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ 26 ફેબ્રઆરી ના રોજ પેટ્રોલીંગમાં ફરી રહ્યા હતા. તે દરમીયાન બાતમી મળેલ કે રણોલી રેલ્વે સ્ટેશનથી જી.એ.સી.એલ. જવાના રસ્તા પર ત્રણ ઈસમો બે પ્લાસ્ટિકના ઠેલા માં ચોરીના કોપરના કેબલ ભરી વેચવાની ફિરાકમાં ફરી રહ્યા છે. જે બાતમી આધારે પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ત્રણ ઈસમો હાજર મળી આવ્યા હતા. તેમને ઝડપી પાડયા બાદ મેણીયામા ભરેલ સામાનની તપાસ કરતા તેમા કોપરના કેબલનો સ્ક્રેપ જણાઈ આવ્યો હતો. જેથી ત્રણેય ઈસમો પાસે રહેલ કોપરના કેબલના સ્ક્રેપ સંબંધે પુછપરછ કરતા મુદામાલ અંગે બીલ અથવા કોઈ આધાર પુરાવો હોય તો રજુ કરવાનું કહેતા તેઓની પાસે નહિં હોવાનું જણાવ્યું હતું જેથી તેમની કડકાઈથી પૂછપરછ કરતા વિસેક દિવસ પહેલા બાજવા રેલ્વે સ્ટેશનની સામે આવેલ જી.એમ. કમ્પાઉન્ડના એક ગોડાઉનમાથી રાત્રિના સમયે ગોડાઉનનુ શટર તોડી તેમાથી ચોરી કર્યાની કબુલાત કરી હતી.

સાવલી તાલુકાના પોઇચા-રાણીયા ગામે યુવતીની બબાલમાં રિવોલ્વરથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું

## બે રાઉન્ડ ફાયરિંગ કરી એકને ઘાયલ કરનાર ફાર્મ હાઉસના માલિકની ધરપકડ


(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ડભોઇ તાલુકાના ધરમપુરી ગામે રહેતા નિમેષભાઈ રણછોડભાઈ બારીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના કાકાની 23 વર્ષીય પુત્રી ગત 19 ફેબ્રુઆરીના રોજ ઘરેથી ગુમ થઈ ગઈ હતી. તેની શોધખોળ કરવા માટે તેઓએ કાકાની



ઈકો ગાડી લઈને પાંચ સાથીદારો સાથે પોઇચા-રાણીયા ગામે આવેલા છગનભાઈ કાનજીભાઈ પટેલના ફાર્મ હાઉસે પહોંચ્યા હતા. આ ગાડીમાં કમલેશભાઈ રમેશભાઈ ચૌહાણ, જગદીશભાઈ ભયજીભાઈ બારીયા, ધુડાભાઈ ગોવિંદભાઈ બારીયા, વિપીનભાઈ રણછોડભાઈ બારીયા અને કરણસિંહ ચંદ્રસિંહ રાજપુત તમામ ફાર્મ હાઉસમાં પોહચ્યા હતાં. તેઓએ ફાર્મ હાઉસમાં કામ કરતા વિશાલ બારીયા પાસે પુછપરછ કરતા વિશાલે પોતાના શેઠ છગનભાઈ કાનજીભાઈ પટેલને બોલાવ્યા હતા. ત્યારે છગનભાઈ ફોરવ્હીલ ગાડી લઈને આવ્યા અને ફાર્મ હાઉસમાં કેમ પ્રવેશ કર્યો તેમ કહી ઉશ્કેરાઈ ગયા હતા. ત્યારબાદ તેઓએ પોતાની રિવોલ્વરમાંથી પહેલા એક રાઉન્ડ હવામાં ફાયર કર્યું હતું. જેના કારણે તમામ લોકો ગભરાઈ ગયા અને તરત જ ત્યાંથી રવાના થવા ગેટ પાસે પહોચ્યા હતા. ત્યારે તમામ લોકો ઈકો ગાડીમાં બેસી જતા હતા ત્યારે તરત જ છગનભાઈ ફરીથી ગાડી લઈને ગેટ પાસે આવ્યા અને જાનથી મારી નાખવાના ઈરાદાથી ઈકો ગાડીના પાછળના ભાગે આવીને રિવોલ્વરમાંથી એક રાઉન્ડ ફાયરિંગ કરતા ગોળી ગાડીનો પાછળનો કાચ તોડીને સીધી નીમેશ બારીયાના ડાબા હાથના ખભા પર વાગી હતી. જેથી તેમને લોહી લુહાણ હાલતમાં એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ભાદરવા પોલીસેની ટીમો સહિત ઉચ્ચ અધિકારીઓની કાફલો સાથે ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

### આરોપીની પોલીસ સમક્ષ કબૂલાત કે ભાજપમાં સક્રિય નથી, તો પછી કાર પર ભાજપ કિસાન મોરચા ઉપપ્રમુખ કેમ લખ્યું ?




પોઇચા રાણિયા ખાતે ફાર્મ હાઉસ ધરાવનાર છગન પટેલ દ્વારા એક વ્યક્તિ પર ફાયરિંગ કરાયું હતું. પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. સુત્રોમાંથી જાણવા મળ્યું છે કે માલુતજાર હોવા સાથે છગન પટેલ ભાજપમા મોટી વગ પણ ધરાવે છે. પરંતુ પોલીસની પુછપરછમાં આરોપીએ પોતે હાલમાં ભાજપમાં સક્રિય નથી તથા હાલમાં કોઇ હોદ્દો પણ નથી તેમ જણાવ્યું છે. ત્યારે ભાજપમાં સક્રિય નથી તો પછી પોતાની કાર પર કેમ ભાજપના કિસાન મોરચાના ઉપપ્રમુખ કેમ લખી રાખ્યું છે ? બીજી તરફ આરોપીએ કાર પર પ્રેસ પણ લખાવ્યું છે. પોલીસને સ્પષ્ટ કબૂલાત કરી છે કે કોઇ હોદ્દો નથી તો પછી ભાપજ અને પ્રેસનો સિમ્પોલનો કેમ દુર ઉપયોગ કરતો હતો.

વડદલા ખાતે રહેતા યુવકની અટલાદરાના વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ

## યુવકે લીધેલા રૂ.14 લાખ ચુકવ્યાં છતાં રૂ.14 લાખની પઠાણી ઉઘરાણી કરતો વ્યાજખોર

**રૂપિયા** નહીં આપે તો સિક્યુરિટી પેટે આપેલા ચેક બાઉન્સ કરાવી દેવાની ધમકી આપી

(પ્રતિનિધિ) વડોરા, તા.27

વડોદરા શહેરમાં વડદલા રોડ પર આવેલી બાલાજી રેસીડેન્સીમાં રહેતા વિનીત દિનેશભાઈ મસ્કેએ ફરિયાદ નોંધાવી હતી કે અમારી વડદલા રોડ પર શ્રી સાંઈ શ્રદ્ધા સલૂનની દુકાન છે ત્યા વર્ષ 2021માં જૈમિન પરશોતમ પટેલ હેર કટીંગ કરાવવા માટે આવતા હતા. જૈમિન પટેલ અમારી બાલાજી રેસીડેન્સીમાં પાડોશમાં રહેતા હતા. તેમણે રૂપિયા જરૂરિયાત હોય તો જણાવજો. જેથી વર્ષ 2023માં રૂપીયાની જરૂરીયાત ઉભી થતા પડતા મે જૈમિન પટેલને વાત કરી હતી. તેઓ પાસેથી વર્ષ 2023થી 2024 દરમ્યાન રૂ.14 લાખ ટુકડે ટુકડે રોકડા અને ઓનલાઈન લીધા હતા. દરમિયાન તેમણે મને વ્યાજની કોઈ વાત કરી ન હતી અને જણાવ્યુ હતુ કે હું તને આટલી મોટી રકમ આપુ છુ પણ તમારે સીકયુરીટી પેટે કોરા ચેક આપવા પડશે પરંત મારી પાસે તે સમયે કોઈ રસ્તો ન હોય મારા ત્રણ તથા મારા મોટા ભાઈ પીયુષ મસ્કેના ચેક પણ રકમ લખ્યા વગર સહી કરીને સીક્યુરીટી પેટે વ્યાજખોરને આપ્યા હતા. વ્યાજે આપેલા રૂપીયા પૈકી રૂ.11,53,690 ઓનલાઈન તેમજ રૂ.2,31,410 રોકડા મળી કુલ રૂ. 14 લાખ જૈમિન પટેલને ચુકવી દીધા હતા. મે જૈમિન પટેલ પાસેથી લીધા રૂપીયા પુરેપુરા ચૂકવી દીધા હોવા છતાં જૈમિન પટેલ મારી પાસે વધુ રૂપીયા તથા વ્યાજની માંગણી કરી પઠાણી ઉઘરાણી કરી રહ્યો હતો. ઉપરાંત મે જે રૂ.14 લાખ ચુકવ્યાં એ તો માત્ર વ્યાજના છે, મારે તેને હજુ રૂ.14 લાખ લેવા બાકી નીકળે છે તેમ કહી વધુ વ્યાજ તેમજ નાણાની માંગણી કરી હતી. જો વધુ નાણા કે વ્યાજ નહી આપે તો મારા સીકયુરીટી પેટે આપેલા ચેક બેંકમાં બાઉન્સ કરાવી મારા વિરુધ્ધ ફરીયાદ નોંધાવશે તેમ કહી ગાળાગાળી કરવા સાથે જોઈ લેવાની ધમકી પણ આપી હતી. પોલીસે વ્યાજખોર જૈમીન પટેલ (રહે, નંદ આઈકોન ,નારાયણવાડી પાછળ અટલાદરા વડોદરા)ને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

હાલ શહેરીજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે

## માર્ચ મહિનાથી ગરમીનો પ્રભાવ વધશે, તાપમાન 31.4 ડીગ્રી નોંધાયું

**પવનની** દિશામાં થઇ રહેલા ફેરફારને કારણે વાતાવરણમાંથી ભેજનું પ્રમાણ ઘટશે અને સૂકા પવન ફૂંકાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરામાં શુક્રવારે મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 20.2 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 73% અને સાંજે 31% નોંધાયું હતું. હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડી અનુભવાય રહી છે. આગામી દિવસોમાં ગરમીમાં વધારો થઈ શકે છે. વાસ્તવમાં રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીનો પ્રભાવ વધુ અનુભવાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. બે દિવસ બાદ તાપમાનમાં 3 થી 5 ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે. આ વધારાને કારણે લોકોને ઉનાળાની અસર વધુ અનુભવાશે. દિશામાં ફેરફાર થવાને કારણે ગરમીનો અનુભવ વધશે. ઠંડક લાવતી પવનની ગતિ ઘટતા અને દિશા બદલાતા દિવસ દરમિયાન તાપમાન વધુ લાગશે. ગરમી વધતા નાગરિકોએ સાવચેતી રાખવી જરૂરી છે. તબીબો દ્વારા પણ બપોરના સમયમાં બહાર નીકળવાનું ટાળવું, પૂરતું પાણી પીવું અને હળવા કપડાં પહેરવા જેવી સલાહ આપવામાં આવી રહી છે. હાલમાં પવનની દિશામાં થઈ રહેલા ફેરફારને કારણે વાતાવરણમાંથી ભેજનું પ્રમાણ ઘટશે અને સૂકા પવન ફૂંકાશે. આ બદલાતા હવામાનને કારણે માર્ચ મહિનામાં આકરી ગરમીનો પાયો નંખાશે. આગામી ચાર માર્ચ સુધીમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

બૂટલેગરો માટે એક્સપ્રેસ હાઇવે સ્વર્ગ સમાન, ગેરકાયદે હેરાફેરી આ હાઇવે પરથી શરૂ કરી

## દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપરથી આણંદ લઈ જવાતો રૂ.1.47 કરોડનો દારૂ ઝડપાયો

દારૂ અને ટ્રક સહિત 1.62 કરોડનો મુદ્દામાલ કબજે, ટ્રક ચાલકની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા તારીખ 27 દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ગેરકાયદે દારૂની હેરાફેરી માટે સ્વર્ગ સમાન સાબિત થઈ રહ્યો છે. મોટાભાગે દારૂની હેરાફેરી હવે એક્સપ્રેસ હાઈવે પર શરૂ કરી છે. બિસ્નોઈ ગેંગ દ્વારા આણંદ મોકલવામાં આવેલો રૂપિયા 1.47 કરોડનો વિદેશી દારૂ વડોદરા ગ્રામ્ય એલસીબીએ એક્સપ્રેસ હાઈવે પર સાપા ગામની સીમમાંથી ઝડપી પાડ્યો છે. વિદેશી દારૂ ટ્રક અને મોબાઈલ સહિત રૂપિયા 1.62 કરોડનો મુદામાલ કબ્જે કરાયો છે.



વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો દ્વારા વિદેશી દારૂની ગેરકાયદે હેરાફેરી તથા વેપલો કરવામાં આવતો હોય છે. ત્યારે વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ પોલીસ અધીક્ષક દ્વારા ઓપરેશન પરાક્રમ અંતર્ગત જીલ્લાના બુટલેગરો દારૂની હેરાફેરી સામે કડક કાર્યવાહી સૂચના આપવામાં આવી હતી.

દરમ્યાન એલસીબી ટીમના એક બંધ બોડીના ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર સુરત, ભરૂચ થઈ વડોદરા તરફ આવી રહ્યો હોવાની બાતમી મળી હતી. જેના આધારે એલસીબી ટીમ દ્વારા કરજણ પોલીસ સ્ટેશનની હદના સાપા ગામની સીમમાંથી પસાર થતા દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર મુબંઈથી દીલ્હી જતાં ટ્રેક ઉપર વોચ ગઠવી હતી. દરમીયાન દારૂ ભરેલી ટ્રક આવતા તેને એલસીબી ની ટીમે ઝડપી પાડી હતી. ત્યારે ચેક કરતા ટ્રકમાં ડ્રાઈવર ભવરલાલ મોટારામ જાટ (રહે. કબુલોનીયા કાતલા, બીજરાડ થાણા -બીજરાડ, તા ચોટણ, જી. બાડમેર, રાજસ્થાન) બેઠેલો હતો. તેને સાથે હોવાનું જણાવતા તેને સાથે રાખી ટ્રકનો પાછળનો દરવાજો ખોલી તપાસ કરતા પુઠાના બોક્ષમાં વિદેશી દારૂની પેટીઓ ભરેલી મળી આવી હતી.